Presented on : 17-03-2016
Registered on : 17-03-2016
Decided on : 23-04-2024
Duration : 8 y, 1 m, 6 d.

GJKH120003722016

**આંક:–**

## (૧) ફોર્મ – એ

| | |
|---|---|
| **ડાકોરના મહેરબાન પ્રિન્સીપાલ સિવિલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ, શ્રી એન.કે. જોશી પ્રિન્સીપાલ સિવિલ જજ અને જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ,**<br>જજમેન્ટની તારીખ : ૨૩/૦૪/૨૦૨૪<br>ફોજદારી કેસ નં.૩૨૮/૨૦૧૬<br>ખાનગી ફરીયાદ | |
| **ફરીયાદી :** | રાજુભાઈ ગોવિંદભાઈ ધોબી,<br>ઉ.વ.પુખ્ત,ધંધો.નોકરી,<br>રહે.કાપડબજાર, લક્ષ્મીજીરોડ, મુ.ડાકોર, તા.ઠાસરા, જી.ખેડા. |
| **ફરીયાદપક્ષે વિ.વ.**શ્રી એ.કે.પટેલ | |
| **આરોપી :** | સુરેશભાઈ મુળજીભાઈ પ્રજાપતી,ઉ.વ.પુખ્ત,ધંધો.નોકરી,<br>રહે.લીમડાવાળો ખાંચો, બળેલો પોળ સામે,<br>લાલ દરવાજા, મુ.પો.તા.ઉમરેઠ, જી.આણંદ. |
| **આરોપીપક્ષે વિ.વ.**શ્રી જે.વી.પટેલ,એ.પી.પરમાર. | |

## (૨) ફોર્મ : બી

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ : | માંગણી નોટીસ બજ્યાના ૧૫ દિવસની અંદર ચેકની રકમ ચુકવણી ન કરતા. |
| એફ.આઈ.આર.ની તારીખ : | – |
| ચાર્જસીટની તારીખ : | – |
| ચાર્જફ્રેમ કર્યા તારીખ : | – |
| પુરાવો નોંધવાનું શરુ કર્યા તારીખ : | 19–02–2014 |
| કેસ જજમેન્ટ પર રાખ્યા તારીખ : | 23–04–2024 |
| જજમેન્ટની તારીખ : | 23–04–2024 |
| સજાના હુકમની તારીખ જો હોય તો, | 23–04–2024 |

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયાં ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે ? | શું દોષી / નિર્દોષ | સજા ની વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમય ગાળો સી.આર.પી. સી.૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરેશભાઈ મુળજીભાઈ પ્રજાપતી, | – | – | નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ | દોષીત | સજા અને દંડ | – |

## (૩) ફોર્મ : સી

## ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટના સાક્ષીની વિગત :

**A : ફરીયાદપક્ષ**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| PW-1 | રાજુભાઈ ગોવિંદભાઈ ધોબીનુ સોગંદનામુ | ફરીયાદી (આંક–૧૨) |

**B : બચાવપક્ષ**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| DW-1 | નીલ | નીલ |
| DW-2 | નીલ | નીલ |

**C : કોર્ટ સાક્ષી**

| ક્રમ | સાક્ષીઓના નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| CW-1 | નીલ | નીલ |

## ફરીયાદપક્ષ/બચાવપક્ષ/કોર્ટ તરફે રેકર્ડે આવેલ દસ્તાવેજની વિગત :

**A : ફરીયાદપક્ષ**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| 1 | આંક–P13/PW-1 | ચેક નં.૮૦૧૫૬૯ નો અસલ ચેક |
| 2 | આંક–P14/PW-1 | ચેક બેન્કમાં જમા કરાવ્યાની પાવતી |

| | | |
|---|---|---|
| 3 | આંક–P15/PW-1 | રીટર્ન મેમો |
| 4 | આંક–P16/PW-1 | નોટીસની ઓફીસ કોપી |
| 5 | આંક–P17/PW-1 | પોસ્ટ ખાતાની સફેદ પાવતી |
| 6 | આંક–P18/PW-1 | પોસ્ટ ખાતાની એકનોલેજમેન્ટ સ્લીપ |
| 7 | આંક–P81/PW-1 | પુરાવા બંધની પુરશીશ |

**B : બચાવપક્ષ**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| 1 | – | – |

**C : કોર્ટ દસ્તાવેજ**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| 1 | – | – |

**–: ઠ રા વ :–**

(૪) ફરિયાદપક્ષની ટુંકી હકીકત એવી છે કે, આ કામના આરોપી તથા ફરીયાદી મીત્ર થાય છે. ફરીયાદી ડાકોર મુકામે શિક્ષક તરીકે નોકરી કરે છે. અને આ અગાઉ હારેડા તથા ગોધરા મુકામે શિક્ષક તરીકે નોકરી કરતા હતા.આ કામના આરોપી પણ દાહોદ મુકામે આઈ.ટી.આઈ.માં નોકરી કરતા હતા.અને હાલમાં પણ દાહોદ મુકામે નોકરી કરે છે.એ રીતે આરોપી અને ફરીયાદી સાથે નોકરી ઉપર જવાનું થતુ હોઈ દરરોજ ભેગા થતા હતા.અને સાથે અપડાઉન કરતા હતા. આમ, આરોપી અને ફરીયાદી ઘણા સમયથી મીત્રતા બંધાયેલી અને આરોપી ફરીયાદીને ત્યાં ડાકોર મુકામે રજાના દિવસો દરમ્યાન આવતા જતા હતા. આ કામના આરોપીને તેમના અંગત કામ માટે હાથ ઉછીના નાંણાની જરૂર ઉભી થતા આરોપી ફરીયાદી પાસેથી ડાકોર મુકામે થી હાથ ઉછીના તરીકે રૂપીયા ૨,૪૦,૦૦૦–૦૦ અંકે રૂપીયા બે લાખ ચાલીસ હજાર થોડા સમયમાં પરત આપવાના વાયદે જુન–જુલાઈ–૨૦૧૩ ની આસપાસમાં બે ત્રણ ટુકડે લઈ ગયેલા.સદરહુ નાણાં થોડા સમયમાં ફરીયાદીને પરત આપવાના વાયદે વિશ્વાસ અને ભરોસો આપીને લઈ ગયેલા. ઉપર પ્રમાણે હકીકત હોઈ ત્યાર બાદ સદરહુ રકમ

ફરીયાદીને પરત આપવા માટે આરોપીએ ફરીયાદીને ડાકોર મુકામે સપ્ટેમ્બર–૨૦૧૩ ના પ્રથમ અઠવાડીયામાં આવી તા. ૧૩/૦૯/૨૦૧૩ ના રોજનો એક ચેક તેમની સહી હસ્તાક્ષરવાળો તેમના નામનો સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા દાહોદ શાખાનો રૂપીયા બે લાખ ચાલીસ હજારનો ૮૦૧૫૬૯ નં બરનો તેમના ખાતા નંબર.૨૦૦૩૬૫૧૮૯૩૪ નો આપેલો અને જણાવેલું કે સદર ચેક નાણાં પેટે તમોને આપેલ છે.જે બેન્કમાં ભરપાઈ કરતા તેના નાણાં જરૂરથી મળી જશે. જેથી આરોપીની સુચના મુજબ સદર ચેક તા.૧૩/૦૯/૨૦૧૩ના રોજ તેમના સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા ડાકોર ખાતા નં. ૩૦૫૧૧૨૭૯૫૯૧ માં ભરપાઈ કરતા સદરહુ ચેકવાળા નાણાં ફરીયાદીને મળેલા નથી.અને સદર ચેક તેજ દિવસે અપુરતા ભંડોળના શેરા સાથે પરત મળેલો છે. ફરીયાદીએ આ કામના આરોપીને તા.૧૧/૧૦/૧૩ નારોજ રજી.એડી.થી તેમના રહેઠાણના ઠેકાણે તથા તેની અકે કોપી તેમની નોકરીના સ્થળે મોકલેલી જે રજી.એડી નોટીસ તેમના રહેઠાણે તા.૧૨/૧૦/૧૩ ના રોજ ધોરણસર બજી ગયેલી છે. અને તે નોટીસ આરોપીએ જાતે સ્વીકારેલી છે. તેમ છતાં આ આરોપીએ નોટીસમાં જણાવ્યા પ્રમાણેનું વર્તન કરેલ નથી કે નોટીસનો જવાબ પણ આપેલ નથી. આમ,સદર કામના આરોપીએ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હુકમનો ગુનો કરેલો હોઈ આરોપી વિરૂધ્ધ ફરીયાદીની કાયદેસરની ફરીયાદ છે.

**(૫)** હાલની ફરીયાદ લગત આરોપી સામે જરુરી સમન્સ કાઢવાનો હુકમ થતા આરોપીને સમન્સ બજતા આરોપી કોર્ટ સમક્ષ રુબરુ હાજર રહેલ તથા આંક–૭૯ થી આરોપીની પ્લી નોંધવામાં આવેલ છે. જેમાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ હોય જેથી તેઓની સામે કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે. ત્યાર બાદ ફરીયાદપક્ષનો પુરાવો રજુ થયા બાદ આરોપીનું વિશેષ નિવેદન સી.આર.પી.સી.કલમ–૩૧૩ મુજબ નોંધવામાં આવેલ જેમા આરોપીએ તમામ હકીકતો નકારી કાઢી હોય તથા વિશેષમાં આરોપી સામે ખોટી વિગતો ચેકમા ભરી ઓટી ફરીયાદ કરેલ છે. આરોપી ઉપર ખોટી ફરીયાદ કરેલ છે.

**(૬)** ત્યાર બાદ આ કામે ફરીયાદપક્ષ તરફે ઉપરોકત પેરા નં.૩ માં દર્શાવેલ વિગત મુજબ મૌખીક/દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે. આ દરમ્યાન ફરીયાદપક્ષનો પુરાવો રજુ થતા ફરીયાદીની ઉલટ તપાસ માટે રાખતા આરોપી તરફે જરુરી ઉલટ તપાસ કરવામાં આવેલ નથી ત્યાર

બાદ આરોપી ગેરહાજર થઈ જતાં તા.૦૪/૦૮/૨૩ ના રોજ આ કામે હુકમ થાય તે પહેલા સુધી આરોપી હાજર થયેથી ફરીયાદીની ઉલટ તપાસ કરવાનો હકક આબાધીત રાખી હાલના તબકકે આરોપીપક્ષે કોઈ ઉલટ તપાસ કરવાની નથી તેમ ગણી સબબ કામ આગળ ચલાવવાનો આંક–૧ લગત હુકમ કરવામાં આવેલ છે. ત્યાર બાદ હુકમના દિવસ સુધી આરોપી તરફે પોતે હાજર રહી ફરીયાદીની ઉલટ તપાસ તથા પુરાવો રજુ કરવા માટેની માંગણી કરવામાં આવી હોય અથવા તે માટે યોગ્ય અરજી રેકર્ડે રજુ રાખવામાં આવી હોય તેવું ફલિત થતુ નથી.

(૭) ત્યાર બાદ ફરીયાદીપક્ષે વિ.વ.શ્રી કોર્ટ સમક્ષ હાજર રહેતાં ફરીયાદી તર્ફે મૌખિક દલીલ સાંભળવામાં આવેલ છે જયારે કોઈપણ પક્ષ તરફે લેખીત દલીલ રજુ કરવામાં આવેલ નથી. ફરીયાદી તરફે મૌખિક દલીલ કરેલ છે કે, આ કામે ફરીયાદીએ કાયદા મુજબ આરોપી વિરુધ્ધ જરુરી અનુમાન કરવા પુરતુ જરુરી પુરાવા રજુ રાખેલ છે. જેથી આરોપી સામે જરુરી તત્વો સાબીત થતાં હોય તેથી તેને તકસીરવાન ઠરાવવા અરજ કરવામાં આવેલ છે. જયારે આરોપી તરફે દલીલ માટે કોઈ હાજર થયેલ નથી.

(૮) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવા અને સાહેદની જુબાની અને ફરીયાદપક્ષે રજુ દલીલો ધ્યાને લેતા આ કેસના આખરી ન્યાયિક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે –

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદીની આરોપી પાસેથી નીકળતી લેણી રકમ પેટે આરોપીએ ફરીયાદીને આપેલ ફરીયાદ વાળો ચેક વણચૂકવાયેલ પરત ફરતા ફરીયાદીએ આપેલ માંગણી નોટીસ અંગે કાયદા મુજબ નિર્ધારીત સમયમર્યાદામાં આરોપીએ ફરીયાદીને રકમ નહી ચૂકવી આપી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષા ને પાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૯) ઉપરોકત મુદ્દા ઉપર મારા નિર્ણય નીચે મુજબ છે :–

(૧) હકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણય બાબત કારણો નીચે મુજબ છે.

**(૧૦)** આ કામે ફરીયાદ હકીકત અનુસંધાને સૌ પ્રથમ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮, ૧૩૮ તથા ૧૩૯ ની જોગવાઈ મહત્વપુર્ણ બને છે જે ધ્યાને લેવામાં આવે તો તે નીચે મુજબ છે.

**Section 118. Presumptions as to negotiable instruments.** Until the contrary is proved, the following presumptions shall be made:--

(a) **of consideration:**-- that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration;

(b) **as to date:**-- that every negotiable instrument bearing a date was made or drawn on such date;

(c) **as to time of acceptance:** that every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before its maturity;

(d) **as to time of transfer:**-- that every transfer of a negotiable instrument was made before its naturity;

(e) **as to order of indorsements:**-- that the indorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon;

(f) **as to stamp:**-- that a lost promissory note, bill of exchange or cheque was duly stamped;

(g) **that holder is a holder in due course:**-- that the holder of a negotiable instrument is a holder in due course : provided that, where the instrutment has been obtained from its lawful owner, or from any person in lawful custody thereof, by means of an offence or fraud, or has been obtained from the maker or acceptor thereof by means of an offence or fraud, or for unlawful consideration, the burden of proving that the holder is a holder in due course lies upon him.

ઉપરોકત જોગવાઈ ધ્યાને લેતા ફલિત થાય છે કે, જયારે કોઈ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ તૈયાર કરવામાં આવે છે ત્યારે તે કોઈ અવેજ માટે તૈયાર કરવામાં આવેલ છે તથા જે તારીખે તેમાં લખેલી હોય તે તારીખે તૈયાર કરવામાં આવેલ છે તેવું અનુમાન કરવાનું રહે છે. જે અનુમાન જયાં સુધી સ્પષ્ટ પુરાવાથી ખંડિત ન કરવામાં આવે ત્યાં સુધી અસ્તિત્વમાં અથવા અમલમાં રહે છે. તે જ રીતે તેવા

નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ જેના હાથ અથવા કબજામાં હોય તે તેનો હોલ્ડર ઈન ડયુ કોર્સ છે તેમ પણ માનવાનું હોય છે.

**Section 138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the account. ::** Where **any cheque drawn by a person** on an account maintained by him with a banker **for payment of any amount of money to another person** from out of that account **for the discharge, in whole or in part, of any debt or other liability,** is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with that bank, **such person shall be deemed to have committed an offence and shall,** without prejudice to any other provision of this Act, **be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the cheque, or with both:**

**Provided that nothing contained in this section shall apply unless-**

(a) **the cheque has been presented to the bank** within a period of six months from the date on which it is drawn or **within the period of its validity,** whichever is earlier;

(b) **the payee or the holder in due course of the cheque,** as the case may be, **makes a demand for the payment of the said amount of money by giving a notice; in writing, to the drawer of the cheque, within thirty days of the receipt of information** by him from the bank regarding the return of the **cheque as unpaid**; and

(c) the **drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee** or, as the case may be, to the holder in due course of the cheque, **within fifteen days of the receipt of the said notice.**

***Explanation.*--** For the purposes of this section, debt of other liability means a legally enforceable debt or other liability.

**Section 139. Presumption in favour of holder.**

**It shall be presumed,** *unless the contrary is proved,* **that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability.**

ઉપરોકત જોગવાઈઓ ધ્યાને લેતા ફલિત થાય છે કે જયાં સુધી આરોપી ધ્વારા ઉપરોકત જોગવાઈઓમાં જણાવેલ અનુમાનની વિરુધ્ધની હકીકત રેકર્ડ ઉપર આરોપી ધ્વારા પુરવાર કરવામાં ના આવે ત્યાં સુધી કોર્ટે એવુ અનુમાન કરવાનું રહે છે કે સવાલ વાળો ચેક તે સહી કરનારે અવેજના બદલામાં અને તેનુ હાલનુ કાયદેસરનુ દેવુ અથવા તો અન્ય જવાબદારી અદા કરવા માટે આપેલ છે. ફરીયાદીની તરફેણમાં કરવાનું રહેતુ કાયદાકીય અનુમાનનુ કોર્ટ સમક્ષ સબળ અને સચોટ પુરાવાથી ખંડન કરવાની જવાબદારી ફકત અને ફકત ચેક લખનારના શીરે જ રહે છે. તથા જયા સુધી તેવા અનુમાનનું ખંડન કરવામાં ના આવે ત્યા સુધી કાયદાકીય અનુમાનના કારણે આરોપી વિરુધ્ધનો બોજો કોઈ પણ સંજોગોમાં ફરીયાદીના ખભા ઉપર ખસી શકે નહી. વધુમાં આ તબકકે નામદાર વડી અદાલત ઠરાવેલ સિધ્ધાંત મહત્વનો બને છે જે નીચે મુજબ છે. –

1. **Goa Plast (P) Ltd. v/s Chico Ursula D'Souza (2004) 2 SCC 235, —**The object and the ingredients under the provisions, in particular, Sections 138 and 139 of the Act cannot be ignored. Proper and smooth functioning of all business transactions, particularly, of cheques as instruments, primarily depends upon the integrity and honesty of the parties. In our country, in a large number of commercial transactions, it was noted that the cheques were issued even merely as a device not only to stall but even to defraud the creditors. The sanctity and credibility of issuance of cheques in commercial transactions was eroded to a large extent. **Undoubtedly, dishonour of a cheque by the bank causes incalculable loss, injury and inconvenience to the payee and the entire credibility of the business transactions within and outside the country suffers a serious setback. Parliament, in order to restore the credibility of cheques as a trustworthy substitute for cash payment enacted the aforesaid provisions.** The remedy available in a civil court is a long,drawn matter and an unscrupulous drawer normally takes various pleas to defeat the genuine claim of the payee. **To come within the ambit of offence in such a case following elements have to be fulfilled:**

    1. **Drawing the cheque.**
    2. **Presentation of the cheque to the Bank.**
    3. **Returning the cheque unpaid by the drawee Bank.**

**4. Giving notice in writing to the drawer of the cheque demanding payment of the cheque amount.**

**5. Failure of the drawer to make payment within 15 days of the receipt of notice.**

**2-** **(2013) 1 SCC 177 MSR Leathers Vs. S. Planniappan and Another** that so long the cheque remains valid the prosecution based on subsequent presentation is permissible so long as it satisfies all the requirements of section 138. Re-presentation of cheque after dishonor –Limitation period for filing complaint for dishonor of cheque upon Re-presentation of cheque –Date from which to be reckoned Legal notice to drawer must be issued within 30 days of that dishonor of cheque, which matures into complaint.

**3. BURDEN ON DRAWER/ADDRESSEE TO PROVE NON, SERVICE OF NOTICE**

Sec. 138, proviso (b), (c) r/w Sec. 142—Notice through regd. post. presumption of service in case of report on envelope to the effect, refusal, unclaimed, not available, premises locked, party not at station, arrival not known, court may presume receipt of notice by the drawee Drawer may prove at trial by evidence that the endorsement was not correct.

1. V/S Raja Kumari vs. P. Subbarama Naidu, (2004) 8 SCC 774
2. Prem Chand Vijai Kumar vs. Yashpal Singh, (2005) 4 SCC 417
3. Sadanandan Bhadran vs. Madhavan Sunil Kumar, (1998) 6 SCC 514
4. K. Bhaskaran vs. Sankaran Vaidhyan Balan, (1999) 7 SCC 510
5. Dalmia Cement (Bharat) Ltd. vs. Galaxy Traders, (2001) 6 SCC 463.

**4.** **M Nagappa, S/O Karibasappa, V/S Mohamad Aslam Savanur, Criminal Appeal No.838 Of 2011 , Date 1-03- 2021** High Court Of Karnataka When a sender has dispatched the notice through registered post with correct address written on it, Section 27 of General Clauses Act could be profitably imported and in such a situation service of notice deemed to have been effected on the sender unless he proves that it was really not served. Section 138 NI Act - No Requirement To Serve Notice Under Certificate Of Posting; Service Through Registered Post Proper.

હવે ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા જયારે ફરીયાદમાં જણાવેલ આરોપીઓનું સરનામું તથા આંક–૧૬ વાળી નોટીસમાં જણાવેલ આરોપીનું સરનામું એક જ હોય તથા તે નોટીસ

આંક–૧૭ વાળી રસીદ ધ્યાને લેતા રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલેલ હોવાનું ફલિત થતું હોય **ત્યારે આરોપીને કાયદા મુજબ નોટીસ મોકલેલ હોવા અંગેના તત્વો રેકર્ડ ઉપર સાબિત થાય છે તેમ માનવાનું કારણ રેકર્ડ ઉપર જણાય આવે છે.** જેથી ઉપરોકત ચુકાદા તથા કલમ–૧૩૮ મુજબની જોગવાઈ અન્વયે આ કામે ગુનાના તત્વોની સાબિતી અંગે જોવામાં આવે તો આ કામે આંક–૧૩ થી રજુ તા.૧૩/૦૯/૨૦૧૩ ના રોજનો ચેક નં.૮૦૧૫૬૯ વાળો અસલ ચેક આ કામના આરોપી દ્વારા પોતાની સહી કરી આપવામાં આવેલ હોય તથા ચેકમાં આરોપીની સહી ન હોય તે અંગેની કોઈ તકરાર પણ ન હોય, **અથવા સહી અંગે તકરાર હોય તો તે આ કામે આરોપી તરફે સહી તેમની નથી તે સાબીતીનો બોજો તેમના ખભે હોવા છતાં તે આ કામે જરુરી પુરાવા રજુ રાખી પોતાના ખભેથી ઉતારવામાં આવેલ નથી,** ત્યારે પ્રથમ તત્વ તરીકે ચેક હાલના આરોપી દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ છે તેમ માનવા માટે પુરતા આધાર રેકર્ડ ઉપર જણાય છે. તે જ રીતે આંક–૧૫ વાળો દસ્તાવેજ ધ્યાને લેતા ફલિત થાય છે કે, ચેક નં.૮૦૧૫૬૯ વાળો તા. ૧૩/૦૯/૨૦૧૩ ના રોજનો અસલ ચેક ફરીયાદીની બેંક દ્વારા અપુરતા ફંડના કારણે પરત કરવામાં આવેલ છે. જે હકીકત તત્વ(૨) અને (૩) ની સાબિતીના રેકર્ડ ઉપર આધાર બને છે. જે જોતાં ચેક ઈસ્યુ કર્યાની તા.૧૩/૦૯/૨૦૧૩ ના રોજથી ચેકની વેલીડીટી સમયગાળા ૩ માસ દરમ્યાન બેંકમાં ચેક રજુ થયેલાનું ફલિત થાય છે તથા તે અપુરતા ભંડોળના કારણે પરત થયેલાનું ફલિત થાય છે. ત્યારબાદ આંક–૧૬ થી રજુ દસ્તાવેજ જોતા ફલિત થાય છે કે, ફરિયાદી આરોપી પાસેથી તેના વકીલ મારફતે ડીમાન્ડ નોટીસ તા.૧૧/૧૦/૨૦૧૩ ના રોજ મોકલેલ છે જે ચેક રીટર્ન થયાની તા.૧૩/૦૯/૨૦૧૩ ના રોજથી દિન–૩૦ ની અંદર મોકલવામાં આવેલ છે. જયારે ૧૧/૧૦/૨૦૧૩ ના રોજની રજીસ્ટર્ડ પોસ્ટથી આરોપીને નોટીસ આરોપીના સરનામે જે ફરીયાદમાં બતાવવામાં આવેલ છે તે જ સરનામે મોકલેલ હોવાનું ફલિત થાય છે ત્યારે દિન–૧૫ ની અંદર આરોપી દ્વારા નોટીસમાં જણાવેલ લેણી રકમ આરોપી દ્વારા ચુકવવામાં આવેલ નથી તેવુ ફલિત થાય છે. ફરીયાદીએ **નિયત સમય મર્યાદામાં એટલે કે નોટીસ મોકલ્યાના/બજયાના ૧૫ દિવસ પુર્ણ થયા બાદ ૩૦ દિવસની અંદર આરોપીઓ સામે હાલની ફરીયાદ દાખલ કરેલ છે.**

ત્યારે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના તમામ તત્વો ફરીયાદપક્ષે સાબિત કરવા માટે રજુ પુરાવાથી રેકર્ડ ઉપર આવેલાનું ફલિત થાય છે.

5. **In case Hiten P. dalal Vs. Batindranath banerjee AIR 2001 SC 2895 Hon'ble Apex Court has held that- " the moment cheque is issued the presumption runs against the accused.** the words used for the presumption are "unless contrary is proved" therefore, the accused either by way of cross examination or by leading satisfactory evidence equivalent to the degree of proof or at least to the level of moral certainty to establish that the cheque was not issued for legally enforciable liability".

6. **Dashrath Rupsingh Rathod v/s State of Maharashtra, (2014) 9 SCC 129 Mens rea not required for offence under S. 138** The objective of Parliament was to strengthen the use of cheques, distinct from other negotiable instruments, as mercantile tender and therefore it became essential for Section 138 to be freed from the requirement of proving mens rea [guilty state of mind]. This has been achieved by deeming the commission of an offence dehors mens rea not only under Section 138 but also by virtue of the succeeding two sections. **Section 139 carves out the presumption that the holder of a cheque has received it for the discharge of any liability.** Section 140 clarifies that it will not be available as a defence to the drawer that he had no reason to believe, when he issued the cheque, that it would be dishonoured.

7. **MallavarapuKasivisweswara Rao v/s ThadikondaRamulu Firm, (2008) 7 SCC 655, Para "17. Under Section 118(a) of the Negotiable Instruments Act, the court is obliged to presume, until the contrary is proved, that the promissory note was made for consideration.** It is also a settled position that the initial burden in this regard lies on the defendant to prove the non-existence of consideration by bringing on record such facts and circumstances which would lead the court to believe the non-existence of the consideration either by direct evidence or by preponderance of probabilities showing that the existence of consideration was improbable, doubtful or illegal.

8. **Aps Forex Services Pvt. Ltd. Vs Shakti International Fashion Linkers, 14 Feb 2020 2020 0 Air(Sc) 945; 2020 0 Supreme(Sc) 155;** N I Act 139 –

Presumption, the accused has admitted the issuance of the cheques and his signature on the cheque and that the cheque in question was issued for the second time, after the earlier cheques were dishonoured and that even according to the accused some amount was due and payable, **there is a presumption under Section 139 of the N.I. Act that there exists a legally enforceable debt or liability.** Of course such presumption is rebuttable in nature. **However, to rebut the presumption the accused was required to lead the evidence that full amount due and payable to the complainant has been paid. Section 139 of the Act is an example of reverse onus clause and therefore once the issuance of the cheque has been admitted and even the signature on the cheque has been admitted, there is always a presumption in favour of the complainant that there exists legally enforceable debt or liability and thereafter it is for the accused to rebut such presumption by leading evidence.**

9. **Bir Singh vs. Mukesh Kumar reported as, (2019) 4 SCC 197, Para"32.** The proposition of law which emerges from the judgments referred to above is that **the onus to rebut the presumption under Section 139 that the cheque has been issued in discharge of a debt or liability is on the accused and the fact that the cheque might be post dated does not absolve the drawer of a cheque of the penal consequences of Section 138 of the Negotiable Instruments Act.**

Para 33. A meaningful reading of the provisions of the Negotiable Instruments Act including, in particular, Sections 20, 87 and 139, makes it amply clear that a person who signs a cheque and makes it over to the payee remains liable unless he adduces evidence to rebut the presumption that the cheque had been issued for payment of a debt or in discharge of a liability. **It is immaterial that the cheque may have been filled in by any person other than the drawer, if the cheque is duly signed by the drawer. If the cheque is otherwise valid, the penal provisions of Section 138 would be attracted.**

Para34. **If a signed blank cheque is voluntarily presented to a payee, towards some payment, the payee may filled up the amount and other particulars. This in itself would not invalidate the cheque.**

**The onus would still be on the accused to prove that the cheque was not in discharge of a debt or liability by adducing evidence.**

હાલ ઉપરોકત ચુકાદાઓનો નામદાર વડી અદાલતે ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા આ કામે જોવામાં આવે તો આરોપી તરફે આ કામે રજુ ચેકમાં તેઓની સહી નથી અથવા ફરીયાદીએ ખોટી રીતે ચેકનો દુરુપયોગ કરેલ છે અને ચેકની રકમ આરોપી પાસેથી ફરીયાદીની તરફેણમાં નીકળતી નથી તે અંગે કોઈ વાંધા તકરાર કે તે માટે જરુરી પુરાવો રજુ રાખવામાં આવેલ નથી. વધુમાં જયારે આરોપી સામે ફરીયાદીની કોઈ લેણી રકમ નીકળતી નથી કે ફરીયાદીએ ખોટી રીતે આરોપીના ચેકનો દુરુપયોગ કરેલ છે તે હકીકત સાબીત કરવા માટે કોઈ પોલીસ ફરીયાદ કરી હોય અથવા જરુરી કાયદાકીય પ્રક્રિયા અપનાવી તે અંગેના જરુરી પુરાવા જે તે સમયે મેળવી આ કામે પુરાવા દરમ્યાન રજુ રાખેલ હોય તેવું રેકર્ડ ઉપરથી ફલિત થતુ નથી. ત્યારે આરોપીએ પોતાની પ્લીમાં ગુનો કબુલ નથી તેવું નોધાવેલ છે તેટલા માત્રથી કાયદા મુજબ તેઓની વિરુધ્ધ કરવાના રહેતા અનુમાનનું ખંડન થાય તેમ માની શકાય નહી. જે હકીકત ઉપરોકત ચર્ચિત ચુકાદામાંથી પ્રતિપાદીત સિધ્ધાંત ધ્યાને લેતા સ્પષ્ટપણે આ કામે આરોપીની તરફેણમાં જણાઈ આવતી નથી. આ કામે આરોપી કોર્ટ સમક્ષ હાજર રહી પોતાના સામેનો કેસ કબુલ નહી રાખી કેસ ચલાવવાની માંગણી કરેલ અને ત્યાર બાદ પોતાના તરફે મૌખિક પુરાવો રજુ રાખેલ નથી તથા આરોપીએ ચેકની રકમ કોર્ટમાં જમા કરાવેલ નથી અથવા ફરીયાદીને આપેલ નથી. તે સીવાય આરોપી તરફે કોઈ પુરાવા રજુ થયેલ નથી કે જે પુરાવાથી પણ તેના ખભે આવેલ સાબીતીનો બોજો તેના ખભેથી ઉતરી જાય છે તેમ માનવા માટે પુરાવાના અભાવના કારણે સામાન્ય પ્રજ્ઞાના માણસ ધ્વારા માની શકાય તેમ ફલિત થતુ નથી.

10. **Basalingappa Vs Mudibasappa, 09 Apr 2019, 2019 0 AIR(SC) 1983, 2019 0 Supreme(SC) 423.** summaries the principles enumerated by this Court in following manner:,

(i) Once the execution of cheque is admitted Section 139 of the act mandates a presumption that the cheque was for the discharge of any debt or other liability.

(ii) The presumption under Section 139 is a rebuttable presumption and the onus is on the accused to raise the probable defence. The standard of proof for rebutting the presumption is that of preponderance of probabilities.

(iii) To rebut the presumption, it is open for the accused to rely on evidence led by him or accused can also rely on the materials submitted by the complainant in order to raise a probable defence. Inference of preponderance of probabilities can be drawn not only from the materials brought on record by the parties but also by reference to the circumstances upon which they rely.

(iv) That it is not necessary for the accused to come in the witness box in support of his defence, Section 139 imposed an evidentiary burden and not a persuasive burden,

(v) It is not necessary for the accused to come in the witness box to support his defence.

**11.** **Rahul Sudhakar Anantwar VS Shivkumar Kanhiyalal Shrivastav, 21 Oct 2019 2019 0 AIR(SC) 5520;** (1) Issuance of cheque carries presumption of liability to pay money.

**12.** **Rohitbhai Jivanlal Patel V/S State Of Gujarat Air 2019 Supreme Court 1876** Supreme Court This Court has, time and again, emphasized that though there may not be sufficient negative evidence which could be brought on record by the accused to discharge his burden, yet **mere denial would not fulfill the requirements of rebuttal as envisaged under Section 118 and 139 of the NI Act.** This court stated the principles in the case of Kumar Exports (AIR 2009 SC 1518, Para 11) (supra) as follows

> "20. **The accused in a trial under Section 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist** or **that under the particular circumstances of the case the non-existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed.** To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may

adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the non-existence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. **At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused.** Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their non-existence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of fact, for instance, those mentioned in Section 114 of the Evidence Act to rebut the presumptions arising under Sections 118 and 139.

ઉપરોકત ચુકાદાઓનો નામદાર વડી અદાલતે ઠરાવેલ સિધ્ધાંતો ધ્યાને લેતા ફલિત થાય છે કે, આરોપી તર્ફે ફરીયાદીની તરફેણમાં કાયદા મુજબ કરવાની રહેતું અનુમાનના ખંડન માટે મહત્વની કોઈ હકીકત રેકર્ડ પર આવેલ ન હોય ત્યારે કાયદા મુજબ આરોપી વિરુધ્ધ થયેલ અનુમાનનું ખંડન થાય છે તેમ ફલિત થતું નથી.

જેથી ઉપરોકત કરેલ ચર્ચા ના અંતે ફલિત થાય છે કે, આ કામના ફરીયાદીને આરોપીએ આપેલ ચેક નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ મુજબ વગર વટાવેલ પરત થયેલ છે અને ત્યાર બાદ આરોપીએ માંગણા નોટીસ ઉપરાંત પણ ફરીયાદીને ચેકની રકમ ચુકવી આપેલ નથી ત્યાર બાદ ફરીયાદીએ હાલની ફરીયાદ નિયત સમય મર્યાદાની અંદર દાખલ કરેલ છે તથા કલમ–૧૩૮ના

ગુના સબબ ફરીયાદીની તરફેણમાં તથા આરોપીની વિરૂધ્ધમાં જરૂરી અનુમાન કરવા માટે રેકર્ડે ફરીયાદપક્ષે જરૂરી પુરાવા રજુ રાખવામાં આવેલ છે. ત્યાર બાદ આરોપી તર્ફે ફરીયાદીની તરફેણમાં કાયદા મુજબ કરવાના થતા અનુમાનના ખંડન માટે જરૂરી પુરાવા રજુ રાખવામાં આવેલ નથી જેથી ફરીયાદીની તરફેણમાં થયેલ કાયદાકીય અનુમાન અખંડીત રહે છે જે કારણસર આ કામના આરોપીએ નેગોશીયબેલ ઈન્સ્ટ્રુમેન્ટની કલમ–૧૩૮ મુજબનો ગુનો આચરેલ છે. તેમ સ્પષ્ટપણે ફલિત થાય છે.

**(૧૧)** હવે હાલના તબકકે જયારે આજરોજ ઠરાવ તારીખ હોય, તેમજ જયારે આજરોજ સબબ કામ મારી સમક્ષ રજુ થયેલ ત્યારે વારંવાર આરોપીનો પોકાર કરાવતા કોર્ટ રૂબરૂ હાજર થયેલ નથી ત્યારે ફલીત થાય છે કે, આરોપીને આ કામનો હુકમ સાંભળવામાં રસ નથી જે કારણસર બપોર સુધીમાં આ હુકમ જાહેર થાય ત્યાં સુધી કોર્ટ સમક્ષ હાજર થયેલ નથી. તે સં જોગોમાં નીચે મુજબનો ચુકાદો મહત્વનો જણાય છે.

> **Sharad Jethalal Savla Vs. State Of Gujarat And Ors.,Cri. Misc. Application No : 19862 of 2015 Decided on : 14/11/2016 2017 eGLR_HC 10006044** in this judgment it is held that **<u>the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment.</u> Sub section (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party.** The trial Court committed no error in issuing a non-bailable warrant of arrest having noticed that the accused was not present at the time of pronouncement of the judgment and order of conviction and sentence in view of the provisions of Section 418 (2) of the Cr.P.C. Under Sub Section (2) of Section 418 of the Cr.P.C. **<u>when the accused sentenced to imprisonment is not present in the Court, the Court has to issue a warrant of his arrest and the sentence shall commence on the date of his arrest.</u>** <u>In the absence of the convict accused, the learned advocate appearing for him cannot prefer an application under Section 389(3) of the Code for suspension of the sentence to enable the convict accused to prefer an appeal before the Sessions Court.</u>

**હવે ઉપરોકત ચુકાદામાં પ્રતિપાદીત સિધ્ધાંત તથા સી.આર.પી.સી.ની કલમ–૩૫૩(૭) મુજબની જોગવાઈ ધ્યાને રાખતા અત્રેની કોર્ટ આરોપીની ગેરહાજરીમાં પણ હુકમ જાહેર કરી શકે અને આગળની કાર્યવાહી કરી શકે તેમ હોચ ત્યારે, ઉપરોકત કરેલ ચર્ચા ના અંતે મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે** અને મુદ્દા નં.૨, પરત્વે આખરી હુકમ નીચે મુજબ છે

**– :: આખરી હુકમ ::–**

**૧.** આ કામના આરોપી સુરેશભાઈ મુળજીભાઈ પ્રજાપતી, ઉ.વ. પુખ્ત, ધંધો. નોકરી, રહે. લીમડાવાળો ખાંચો, બળેલી પોળ સામે, લાલ દરવાજા, મુ.પો.તા.ઉમરેઠ, જી. આણંદ નાઓને નેગોશીચેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના સબબ ક્રિમીનલ પ્ર ોસીજર કોડ કલમ–૨૫૫(૨) અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

**સબબ આ કામ સજા અંગે સાંભળવા માટે આજ રોજ બપોરના ૧૬/૩૦ વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવ્યું.**

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૩(૭) ની જોગવાઈઓ ધ્યાને રાખી આરોપીની ગેરહાજરીમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

તા. ૨૩/૦૪/૨૦૨૪
ડાકોર.

**(નરેન્દ્ર કુમાર જોષી)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,ડાકોર.
**UIC No.01454**

**– : સજા અંગે સુનાવણી:–**

**(૧૨)** આ કામે સજા અંગે દલીલ માટે પક્ષકારોનો ફરી પોકાર કરાવતા ફરીયાદી તરફે વિધ્વાન વકીલ શ્રી હાજર રહેલ તથા આરોપી જાતે કોર્ટ રૂબરૂ હાજર રહેલ નથી. તેમજ આરોપી તર્ફે કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. ફરીયાદપક્ષે વિ.વ.શ્રીએ મૌખીક રજુઆત કરેલ

છે કે,આરોપીએ ચેકની રકમ સમયસર માંગણી મુજબ ચુકવી આપેલ નથી. ત્યારબાદ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયા ઉપરાંત પણ ચેકમાં જણાવેલ રકમ કોર્ટમાં જમા કરાવેલ નથી કે ફરીયાદીને ચુકવી આપેલ નથી. તે સીવાય આરોપી પ્રથમ દિવસ કોર્ટ સમક્ષ હાજર થયા ઉપરાંત પોતે અથવા વકીલ મારફતે કોર્ટ રૂબરૂ કોઈ રકમ જમા કરાવેલ નથી. જેથી, આરોપી કોઈપણ રીતે રહેમ મેળવવા હકકદાર નથી તથા આરોપીને સખતમાં સખત સજા કરવા તેમજ તે સાથે આજદિન સુધી આરોપીએ ફરીયાદીની કોઈ રકમ ચુકવી આપેલ નથી તેમજ ફરીયાદીને કોર્ટ સમક્ષ હાજર થવુ પડેલ છે જે કારણસર ફરીયાદીને અસહય આર્થિક, શારીરિક તથા માનસિક પીડા પહોંચેલ છે જે બદલ ફરીયાદીને આરોપી પાસેથી પુરતુ વળતર પણ અપાવવા અરજ કરવામાં આવેલ છે.

**(૧૨.૧) ત્યારબાદ તકસીરવાન તરફે તકસીરવાન પોતે અથવા તેમના વિ.વ.શ્રી હાજર થયેલ નથી**.તે સંજોગોમાં ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ ૩૬૦ ની જોગવાઈ તથા પ્રોબેશન ઓફ ઓફેન્ડર એકટની કલમ-૩ અથવા ૪ ના અનુપાલન અંગે, આરોપીની આજરોજ ગેરહાજરી તેમજ કોર્ટ સમક્ષ જાતે ચેકની રકમ ચુકવી આપવા માટે ની તૈયારી બતાવી કોર્ટમાં રકમ જમા કરાવી શકવાના અધિકાર હોવા છતાં કોર્ટ સમક્ષ કોઈ રકમ જમા કરાવવામાં ન આવેલ હોય, તે તમામ કારણસર ફરીયાદ પક્ષની દલીલો ધ્યાને રાખી આરોપીની તરફેણમાં પ્રોબેશન નો લાભ આપવા અં ગેનો કોઈ હુકમ કરવો હાલના તબકકે ન્યાયોચીત જણાતો નથી.

**(૧૩)** ત્યારબાદ વળતર અંગે ફરીયાદીની દલીલ, ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ-૩૫૭ ની જોગવાઈ ધ્યાને રાખતા નામદાર વડી અદાલતોએ નીચે મુજબના કેસોમાં પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવા જરૂરી જણાય આવે છે.

1. **IN AIR 2012 SUPREME COURT 528 "R. Vijayan v. Baby" Hon'ble Apex Court has held that-** Sub-section (1) of section 357 provides that **where the court imposes a sentence of fine or a sentence of which fine forms a part, the Court may direct the fine amount to be applied in the payment to any person of compensation for any loss or injury caused by the offence,** when compensation is, in the opinion of the court, recoverable by such person in a Civil Court. Thus, **if compensation could be paid from**

**out of the fine, there is no need to award separate compensation.** Only where the sentence does not include fine but only imprisonment and the court finds that the person who has suffered any loss or injury by reason of the act of the accused person, requires to be compensated, it is permitted to award compensation under compensation under section 357(3).

2. **In cases (i) Manohar Singh Vs. State of Rajasthan, 2015 (89) ACC 266. (ii) Ankush Shivaji Gaikwad Vs. State of Maharashtra, 2013 (82) ACC 312 SC it has been held by the Hon'ble Apex Court that,** Awarding compensation u/s 357 CrPC to the victim of offence by keeping in view his financial capacity **is mandatory.**

3. **In case State Vs. Sanjiv Bhalla, 2014 (86) ACC 938 (SC) it has been held by the Hon'ble Apex Court that,** Trial court must record reasons why it is not possible to release the convict on probation. Similarly, grant of compensation to the victim is equally a part of just sentencing. Reason should be recorded for not granting compensation.

4. In the matter of **Damodar S. Prabhu v. Sayed Babalal H. reported in (2010) 5 SCC 663,** their Lordships of the Supreme Court while examining the object sought to be achieved by provisions of Section 138 of the NI Act and purpose underlying the punishment provided therein have held that Section 138 of the NI Act cases are meant to secure payment of money by holding as under:—

> "17. Unlike that for other forms of crime, the punishment here (insofar as the complainant is concerned is not a means of seeking retribution, but is more a means to ensure payment of money. The complainant's interest lies primarily in recovering the money rather than seeing the drawer of the cheque in jail. The threat of jail is only a mode to ensure recovery. As against the accused who is willing to undergo a jail term, there is little available as remedy for the holder of the cheque."

5. **In the matter of Somnath Sarkar v. Utpal Basu Mallick and another, reported as (2013) 16 SCC 465 their Lordships of the Supreme Court has held that:-**

"357. Order to pay compensation.—

(1) **When a court imposes a sentence of fine or a sentence** (including a sentence of death) **of which fine forms a part, the court may, when passing judgment, order the whole or any part of the fine recovered to be applied—**

(a) in defraying the expenses properly incurred in the prosecution;

(b) in the payment to any person of compensation for any loss or injury caused by the offence, when compensation is, in the opinion of the court, recoverable by such person in a civil court

(c)-(d) ** ** **

(2) ** ** **

(3) When a **court imposes a sentence, of which fine does not form a part, the court may, when passing judgment, order the accused person to pay, by way of compensation,** such amount as may be specified in the order to the person who has suffered any loss or 8 injury by reason of the act for which the accused person has been so sentenced.

(4) An order under this section may also be made by an appellate court or by the High Court or Court of Sessions when exercising its powers of revision.

(5) At the time of awarding compensation in any subsequent civil suit relating to the same matter, the court shall take into account any sum paid or recovered as compensation under this section."

6. **IN Somnath Sarkar v. Utpal Basu case Hon'ble Apex court has also held that,** The law with regard to grant of compensation under Section 357(3) of the CrPC in cases arising from Section 138 of the NI Act is well settled. The object of Section 138 of the NI Ac of the NI Act appears to be punitive as well as

compensatory in nature as it provides a single forum and single proceeding for enforcement in criminal liability for dishonouring the cheque and for enforcement of civil liability for realization of cheque amount.

**7.** **In R. Vijayan v. Baby and another (2012) 1 SCC 260** Their Lordships in the later part of judgment while considering the intention of legislature for enacting Section 138 of the NI Act, have held as under:**—**

> "17. **The apparent intention is to ensure that not only the offender is punished, but also ensure that the complainant invariably receives the amount of the cheque by way of compensation under Section 357(1) (b) of the Code.** Though a complaint under Section 138 of the Act is in regard to criminal liability for the offence of dishonouring the cheque and not for the recovery of the cheque amount (which strictly speaking, has to be enforced by a civil suit), inpractice once the criminal complaint is lodged under Section 138 of the Act, a civil suit is seldom filed to recover the amount of the cheque. This is because of the provision enabling the court to levy a fine linked to the cheque amount and the usual direction in such cases is for payment as compensation, **the cheque amount, as loss incurred by the complainant on account of dishonour of cheque, under Section 357(1)(b) of the Code and the provision for compounding the offences under Section 138 of the Act.** Most of the cases (except those where liability is denied) get compounded at one stage or the other by payment of the cheque amount with or without interest. Even where the offence is not compounded, the courts tend to direct payment of compensation equal to the cheque amount (or even something more towards interest) by levying a fine commensurate with the cheque amount. A stage has reached when most of the complainants, in particular the financing institutions (particularly private financiers) view the proceedings under Section 138 of the Act, as a proceeding for the recovery of the cheque amount, the punishment of the

drawer of the cheque for the offence of dishonour, becoming secondary.

18. Having reached that stage, **if some Magistrates go by the traditional view that the criminal proceedings are for imposing punishment on the accused, either imprisonment or fine or both, and there is no need to compensate the complainant, particularly if the complainant is not a "victim" in the real sense, but is a well-to-do financier or financing institution, difficulties and complications arise. In those cases where the discretion to direct payment of compensation is not exercised, it causes considerable difficulty to the complainant, as invariably, by the time the criminal case is decided, the limitation for filing civil cases would have expired.** As the provisions of Chapter XVII of the Act strongly lean towards grant of reimbursement of the loss by way of compensation, the courts should, unless there are special circumstances, in all cases of conviction, uniformly exercise the power to levy fine up to twice the cheque amount (keeping in view the cheque amount and the simple interest thereon at 9% per annum as the reasonable quantum of loss) and direct payment of such amount as compensation. Direction to pay compensation by way of restitution in regard to the loss on account of dishonour of the cheque should be practical and realistic, which would mean not only the payment of the cheque amount but interest thereon at a reasonable rate. Uniformity and consistency in deciding similar cases by different courts, not only increase the credibility of cheque as a negotiable instrument, but also the credibility of courts of justice.

19. **We are conscious of the fact that proceedings under Section 138 of the Act cannot be treated as civil suits for recovery of the cheque amount with interest. We are also conscious of the fact that compensation awarded under Section 357(1)(b) is not intended to be an elaborate exercise taking note of interest, etc. Our observations are necessitated due to the need to have uniformity and consistency in**

**decision making. In same type of cheque dishonour cases, after convicting the accused, if some courts grant compensation and if some other courts do not grant compensation, the inconsistency, though perfectly acceptable in the eye of the law, will give rise to certain amount of uncertainty in the minds of litigants about the functioning of courts. Citizens will not be able to arrange or regulate their affairs in a proper manner as they will not know whether they should simultaneously file a civil suit or not.** The problem is aggravated having regard to the fact that in spite of Section 143(3) of the Act requiring the complaints in regard to cheque dishonour cases under Section 138 of the Act to be concluded within six months from the date of the filing of the complaint, such cases seldom reach finality before three or four years let alone six months. These cases give rise to complications where civil suits have not been filed within three years on account of the pendency of the criminal cases. While it is not the duty of criminal courts to ensure that successful complainants get the cheque amount also, it is their duty to have uniformity and consistency with other courts dealing with similar cases.” ***Thus, it is quite vivid that under Section 138 of the NI Act, Criminal Court is competent to levy fine up to twice the cheque amount and direct payment of such amount as compensation by way of restitution in regard to the loss on account of dishonour of cheque under Section 357(1)(b) of the CrPC* and as such, the power under Section 357(3) of the CrPC cannot be exercised by Criminal Court in the cheque dishonour cases.**

ઉપરોકત ચુકાદાઓમાં પ્રતિપાદીત સિધ્ધાંત તથા તે લગત કાયદાકીય જોગાવઈની સાથે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૪૩ ની જોગવાઈ મહત્વપુર્ણ બને છે જેમાં પેટા કલમ–(૧)ની જોગવાઈ ધ્યાને લેતા ફલિત થાય છે કે, ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ માં કરવામાં આવેલ કોઈ જોગવાઈ છતાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળ દાખલ થતાં ગુનાઓ માટે ફકત જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ અથવા મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ ને જ કેસ ચલાવવાની સત્તા રહેશે. જે ઉપરાંત પ્રથમ પ્રોવિઝો ધ્યાને લેતા ફલિત થાય છે કે,

જયારે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ હેઠળના ગુનાના કામે કેસની કાર્યવાહી સમરી ટ્રાયલ મુજબ ચલાવવામાં આવે ત્યારે એક વર્ષ સુધીની કારાવાસની સજા કરવા માટે ક્રિમીનલ કોર્ટ કાયદા મુજબ સક્ષમ ગણાશે. તે સિવાય જયારે દંડ નો હુકમ કરવાનો હોય ત્યારે સી.આર.પી.સી. માં જે જોગવાઈ કલમ–ર૯ માં કરવામાં આવેલ છે તે જોગવાઈ હોવા છતાં આ કાયદા હેઠળ મેજીસ્ટ્રેટ કલમ–ર૯ માં આપવામાં આવેલ સત્તાથી ઉપર જઈ તેમા મર્યાદીત રકમ કરતાં વધારાની રકમનો દંડ તકસીરવાનને ફટકારી શકે છે. જેથી ઉપરોકત તમામ હકીકતો ઘ્યાને લેતા ફલીત થાય છે કે, અત્રેની કોર્ટ દ્વારા જયારે સમંસ ટ્રાયલ ની પ્રક્રિયા અપનાવી કેસ આગળ ચલાવામાં આવે છે ત્યારે અત્રેની કોર્ટ બે વર્ષ સુધીની કારાવાસની સજા તકસીરવાનને ફટકારી શકે છે તે જ રીતે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની સાથે કલમ–૧૪૩ ની જોગવાઈ વં ચાણે લેતા ચેકની રકમની બમણી રકમ સુધીનો દંડ પણ તકસીરવાનને ફટકારી શકે છે.

**(૧૩.૧)** વધુમાં હવે જયારે આરોપી તકસીરવાન ઠરે ત્યારે ફરીયાદીને થયેલ નુકસાન પેટે વળ તર અંગે પણ વિચારણા કરવી જોઈએ અને જો વિચારણાના અંતે વળતરનો હુકમ કરવો ન્યાયોચીત ન લાગતુ હોય તો તે માટે જરૂરી કારણો પણ રેકર્ડે હુકમમાં દર્શાવવા જોઈએ. તે સીવાય ચેક બાઉન્સ જેવા કેસોમાં જયારે કેસો સમાધાન લાયક હોય તથા કેસની કાર્યવાહી શરૂ થાય તે પહેલા પણ ચેકની રકમ જમા કરાવી ફરીયાદીને વધુ માનસિક, શારીરિક તથા આર્થિક પીડામાંથી બચાવી શકાયા હોત. પરંતુ, જો તેમ ન કરવામાં આવે તો ટ્રાયલના અંતે આરોપી જો તકસીરવાન ઠરે તો નિશ્ચિતપણે વળતરનો હુકમ કરવો જોઈએ.

**(૧૪)** આમ, આ કામે તકસીરવાન વિરૂઘ્ઘ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો સાબિત થયેલ છે, જે કલમ–૧૩૮ ની જોગવાઈ મુજબ મહતમ ર(બે) વર્ષ સુધી ની સજા અથવા દંડ જે ચેકની રકમની બમણી રકમ સુધી અથવા બંને, મુજબની સજાનો હુકમ થઈ શકે. આ કામે જોવામાં આવે તો ચેકની રકમ રૂા. ર,૪૦,૦૦૦/– (રુપીયા બે લાખ ચાલીસ હજાર પુરા) છે તથા જયારે આરોપીએ આજદિન ચેકની રકમ કોર્ટમાં જમા કરાવેલ નથી, ત્યારે જો ફકત દંડની સજાનો હુકમ થાય તો આરોપી દ્વારા રકમ ચુકવી આપવામાં આવશે તે બાબતે શંકા ઉત્પન્ન થાય છે. જેથી, રકમની વસુલાત સુનીશ્ચિત કરાવવા

માટે જેલની સજા પણ કરવી જરૂરી જણાય આવે છે. વધુમાં જયારે આરોપી ધ્વારા કોર્ટ રૂબરૂ હાજર રહી કયા કારણસર તેમના તરફેણમાં ઓછી કારાવાસની સજા થવી જોઈએ તે માટે કોઈ આધાર રજુ રાખેલ ન હોય તથા રેકર્ડ ઉપર પણ તે માટે આરોપીની તરફેણમાં કોઈ હકીકત નજર આવતી ન હોય ત્યારે હાલના તબકકે તકસીરવાનને એક વર્ષની સજા તે સાથે દંડની સજા તથા તે સાથે વળતરનો પણ હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચીત જણાય આવે છે. જેથી, પરીણામ સ્વરૂપે ઉપરોકત તમામ સંજોગો તથા નામદાર વડી અદાલતે ઠરાવેલ સિધ્ધાંત ધ્યાને લઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>: આખરી હુકમ :</u>**

૧. આ કામના તકસીરવાન સુરેશભાઈ મુળજીભાઈ પ્રજાપતી,ઉ.વ.પુખ્ત,ધંધો.નોકરી, રહે.લીમડાવાળો ખાંચો, બળેલી પોળ સામે, લાલ દરવાજા, મુ.પો.તા.ઉમરેઠ,જીલ્લો આણંદનાઓને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુના સબબ એક વર્ષ પૂરાની સાદી કેદની સજા તથા ચેકની રકમની બમણી રકમ એટલે રૂા.૪,૮૦,૦૦૦/– (રુપીયા ચાર લાખ એસી હજાર પુરા) નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો તકસીરવાનને વધુ ૬(છ)માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના તકસીરવાને ભરવાની થતી દંડની રકમ રૂા.૪,૮૦,૦૦૦/– (રુપીયા ચાર લાખ એસી હજાર પુરા) ની રકમ જમા થયેથી તેમાંથી રૂા.૨,૪૦,૦૦૦/– (રુપીયા બે લાખ ચાલીસ હજાર પુરા) ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૩૫૭(૧) મુજબ ફરિયાદીને વળતર તરીકે ચૂકવવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ફરીયાદીને વળતર પેટે ચુકવ્યા બાદ બાકી રહેતી દંડની રકમ રૂા.૨,૪૦,૦૦૦/– (રુપીયા બે લાખ ચાલીસ હજાર પુરા) સરકાર જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

૪. તકસીરવાન કોર્ટ સમક્ષ હાજર નથી જેથી અગાઉ આરોપીએ આપેલ બેલ બોન્ડ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૫.** તકસીરવાન સામે ક્રિમીનલ પ્રોસીઝર કોડ ની કલમ–૪૧૮(૨) મુજબ કલમ–૭૦ મુજબ નું પકડ વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે. તથા આરોપી કોર્ટ રૂબરૂ હાજર થયેથી ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૪૧૮(૧) મુજબ જરૂરી જેલ વોરંટ ભરી તકસીરવાનને જેલમાં મોકલવાનો હુકમ કરવામાં આવે છે.

**૬.** તકસીરવાન આજરોજ કોર્ટમાં હાજર નથી તેથી હાજર થયેથી તકસીરવાનને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૬૩(૧) મુજબ હુકમની એક નકલ તાત્કાલિક વિનામૂલ્યે આપવી.

**૭.** વોરંટની બજવણી માટે જરૂરી યાદી સાથે જરૂરી કલમ–૭૦ મુજબનું વોરંટ પી.એસ.આઈ. શ્રી ડાકોર તથા પોલીસ અધિક્ષકશ્રી ખેડા–નડીઆદ નાઓને સાદર મોકલી તકસીરવાનને કોર્ટ સમક્ષ હાજર રખાવવા જરૂરી યાદી કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૨૩/૦૪/૨૦૨૪ **(નરેન્દ્ર કુમાર જોષી)**
સ્થળ:–ડાકોર. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,ડાકોર.
**UIC No.01454**

//સ્ટેનો.એસ.વી.બારીઆ//